# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

*****************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અભિભાષણ સાથે સંસદના બજેટ સત્રનો આરંભ થયો.

**2)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંબોધનમાં કહ્યું કે, સરકાર દેશના વિકાસ અને લોકોના કલ્યાણ માટે અભૂતપૂર્વ ગતિએ કાર્યરત.

**3)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ભારત સ્વતંત્રતાના **100** વર્ષ પૂર્ણ કરશે, ત્યારે દેશ **2047**માં વિકસિત ભારતના સંકલ્પને પરિપૂર્ણ કરશે.

**4)** દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી અને કેજરીવાલ આજે ચૂંટણી સભા સંબોધશે.

**5)** જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીનો પ્રયાસ કરનારા બે આતંકવાદીઓ ઠાર

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT ADDRESS PAGE-1

સંસદના બજેટ સંત્રનો આજે સવારે 11 વાગે રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે આરંભ થયો છે. રાષ્ટ્રપતિએ સંસદ ભવનમાં લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કર્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંબોધનમાં  કહ્યું કે, તેમની સરકાર દેશના વિકાસ અને લોકોના કલ્યાણ માટે અભૂતપૂર્વ ગતિએ કામ કરી રહી છે.

## BYTE- દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ ( BYTE DEVELOPMENT)

સરકારની વિવિધ યોજનાઓ પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, દેશભરમાં 3 કરોડ વધારાના પરિવારોને નવા ઘરો પૂરા પાડવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો વિસ્તાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે 5 કરોડ આદિવાસી લોકોના ઉત્કર્ષ માટે  અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, તેમની સરકારે આયુષ્માન ભારત યોજના હેઠળ 70 વર્ષ કે તેથી વધુ ઉંમરના 6 કરોડ વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય વીમો આપવાનો નિર્ણય લીધો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## BYTE- દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ ( BYTE AYUSHYMAN)

# PRESIDENT ADDRESS PAGE- 2

રાષ્ટ્રપતિએ કહ્યું કે, તેમની સરકારે યુવાનોના શિક્ષણ અને રોજગારની નવી તકો ઉભી કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે ઉમેર્યું કે, દેશની ટોચની 500 કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઇન્ટર્નશિપ અપાશે.

તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ પ્રણાલી પૂરી પાડવામાં આવી રહી છે. મહિલા સશક્તિકરણ અંગે તેમણે કહ્યું કે, સરકાર મહિલા-નેતૃત્વ વિકાસના વિઝન સાથે કામ કરી રહી છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું હતું કે , બેંકિંગ અને ડિજી પેમેન્ટ સખીઓ નાણાકીય સમાવેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

દેશમાં એક મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે લેવામાં આવેલી પહેલ પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, તેમની સરકારે સામાજિક ન્યાય અને સમાનતા માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં ઈન્ડિયા એઆઈ મિશન શરૂ કરાયું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. તેમણે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમની પણ પ્રશંસા કરતા કહ્યું કે, નાના દુકાનદારોને આનો લાભ મળી રહ્યો છે. સાયબર ક્રાઈમના વધતા જતા કેસ પર ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, તેમની સરકાર સાયબર છેતરપિંડીને રોકવા માટે નક્કર પગલાં લઈ રહી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયો છે અને હવે દેશ કાશ્મીરથી કન્યાકુમારી સુધી રેલ્વે લાઇન દ્વારા જોડાશે.

# PM- BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રીજા કાર્યકાળમાં સંસદના પ્રથમ સંપૂર્ણ બજેટ સત્રની શરૂઆત પહેલા પત્રકારો સાથે વાતચીત કરી. તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, 2047માં જ્યારે ભારત સ્વતંત્રતાના 100 વર્ષ પૂર્ણ કરશે, ત્યારે દેશ વિકાસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરશે.

## (બાઇટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી Yuva Sansad)

શ્રી મોદીએ કહ્યું કે, ભારતે લોકશાહી રાષ્ટ્ર તરીકે 75 વર્ષ પૂર્ણ કર્યા છે અને વૈશ્વિક સ્તરે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે ખૂબ જ ગર્વની વાત છે. શ્રી મોદી મિશન મોડ પર કામ કરવા અંગે આ મુજબ જણાવ્યું.

## (બાઇટ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી Mission Mode)

પ્રધાનમંત્રીએ સંસદના તમામ સભ્યોને દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે યોગદાન આપવા પણ અપીલ કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SANSAD

કેન્દ્રીય મંત્રી નિર્મલા સિતરમને આવતીકાલે બજેટ રજૂ કરતાં પહેલા આજે લોકસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ નો આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું હતું. આર્થિક સર્વેક્ષણ દેશની નાણાકીય સ્થિતિનો મહત્વનો દસ્તાવેજ છે જેમાં દેશની વર્તમાન અને ભવિષ્યની આર્થિક સ્થિતિની વિગતો આપવામાં આવી છે.

અગાઉ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન બાદ લોકસભાની કાર્યવાહી શરૂ થઇ હતી જેમાં લોકસભાના સ્પિકર ઓમ બિરલાએ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંઘ સહિતના ચાર પૂર્વ સાંસદોના નિધન અંગે શોક ઠરાવ રજૂ કરીને શ્રધ્ધાંજલી અર્પી હતી. આ ઉપરાંત અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જીમ કાર્ટર જુનિયરના નિધન અંગે પણ શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો..આ શોક ઠરવા બાદ લોકસભાની કાર્યવાહી આવતીકાલ સવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી.

જ્યારે રાજ્ય સભામાં પણ  ફિલ્મ મેકર શ્યામ બેનેગલ અને પ્રતિશ નાંદીના નિધન અંગે શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# PM CONDOLENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, અમેરિકન વિમાન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં, એક પેસેન્જર વિમાન અને લશ્કરી હેલિકોપ્ટર વચ્ચે થયેલી ટક્કરમાં લોકોના મોત પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કરીને, શ્રી મોદીએ ટ્વિટર પર લખ્યું કે," ભારત યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના લોકો સાથે ઉભું છે. આ આપણા બધા માટે દુઃખદ ક્ષણ છે." શ્રી મોદીએ, શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી

# VP-NCW

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, માનવતાના યોગદાન વિના રાષ્ટ્રનો વિકાસ થઈ શકતો નથી. આજે સવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય મહિલા આયોગના સ્થાપના દિવસ સમારોહને તેઓ સંબોધન કરી રહ્યા હતા.

શ્રી ધનખડે કહ્યું કે, દેશે પહેલીવાર લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ અનામત માટે બંધારણીય જોગવાઈ આપી છે. તેમણે કહ્યું કે, મહિલાઓ દરેક ભ્રાંત વિચારોને પાછળ છોડીને સંરક્ષણ દળોમાં લડાયક પદો પર પોતાની આગવી ઓળખ પણ બનાવી રહી છે.

તેમણે રાષ્ટ્રીય મહિલા આયોગને મહિલાઓ સાથે થતાં સૂક્ષ્મ ભેદભાવ અને કાર્યસ્થળ તથા રાજકારણમાં થતા ભેદભાવ પર વિચારમંથન કરવા અનુરોધ કર્યો.

# DELHI-POLLS

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે હવે ફક્ત 4 દિવસ બાકી છે, ત્યારે શહેરમાં રોડ શો, રેલીઓ, જાહેર સભાઓ અને ડોર ટુ ડોર પ્રચારનો માહોલ છે.

તમામ પક્ષો અને ઉમેદવારો રાષ્ટ્રીય રાજધાનીમાં મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે દ્વારકા વિસ્તારમાં જાહેર સભાને સંબોધિત કરવાના છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સહિત અન્ય ભાજપના નેતાઓ પ્રચાર કરશે.

જ્યારે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ, વરિષ્ઠ AAP નેતા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને પાર્ટીના સાંસદ સંજય સિંહ સહિત અન્ય પાર્ટીના નેતાઓ પણ વિવિધ મતવિસ્તારોમાં જાહેર સભાઓને સંબોધિત કરશે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી માદીપુર વિસ્તારમાં એક રેલીને સંબોધિત કરવાના છે, જ્યારે પાર્ટીના સાંસદ પ્રિયંકા ગાંધી નાંગલોઈ અને મુસ્તફાબાદમાં રોડ શો અને રેલી કરશે.

આગામી મહિનાની 5મી તારીખે મતદાન થશે અને 8મી ફેબ્રુઆરીએ મતગણતરી થશે.

# J&K TERRORIST KILLED

જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પારથી ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવતા સેનાએ 2 આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ વિસ્તારમાં સેના દ્વારા ચાલી રહેલી તપાસ કામગીરી દરમિયાન અનેક શસ્ત્રો અને યુદ્ધની સામગ્રી મળી આવી છે.અધિકારીઓએ આજે માહિતી આપી.

સેનાના જમ્મુ સ્થિત વ્હાઇટ નાઈટ કોર્પ્સે ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું કે, ગઈકાલે રાત્રે પૂંછ સેક્ટરમાં, નિયંત્રણ રેખા પર આતંકવાદી પ્રવૃત્તિ જોવા મળી હતી. સતર્ક સૈનિકોએ, ઘૂસણખોર આતંકવાદીઓ પર હુમલો કર્યો, જેના પછી ભીષણ અને ભારે ગોળીબાર શરૂ થયો." તેમણે કહ્યું કે," આખી રાત ઓપરેશન ચાલુ રહ્યું. જેમાં 2 આતંકવાદીઓ માર્યા ગયા."

અત્યાર સુધીમાં આ વિસ્તારની શોધખોળ દરમિયાન ઘણા હથિયારો અને યુદ્ધની સામગ્રી મળી આવી છે.

# TRUMP DE-DOLLARISATION

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર બ્રિક્સ દેશોને ચેતવણી આપી છે કે જો તેઓ વૈશ્વિક વેપારમાં મુખ્ય ચલણ તરીકે યુએસ ડોલરને બદલવાનો પ્રયાસ કરશે તો તેમની નિકાસ પર 100 ટકા ટેરિફ લાદવામાં આવશે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે વારંવાર કહ્યું કે, બ્રિક્સ દેશોએ વૈશ્વિક વેપારમાં US ડોલરની ભૂમિકા જાળવી રાખવી જોઈએ નહીંતર આર્થિક પરિણામોનો સામનો કરવો પડશે. બ્રિક્સ દેશોના જૂથમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે

# CRICKET - T20 SOUTH AFRICA

મહિલા અંડર-19 ટી-20 વિશ્વ કપમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે કુઆલાલંપુરમાં રમાઈ રહેલી બીજી સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેંન્ડએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 20 ઓવરમાં 8 વિકેટે 113 રન કર્યા છે.

દરમ્યાન દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને 5 વિકેટથી હરાવીને અંડર-19 ટી-20 મહિલા વિશ્વ કપની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

# CRICKET - IND ENG T20

પુરુષોના ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ આજે પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. 5 મેચની શ્રેણીમાં ભારત 2-1 થી આગળ છે.

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારત આજની મેચ જીતીને શ્રેણીમાં અજેય લીડ મેળવવાનો પ્રયાસ કરશે, જ્યારે જોસ બટલરની આગેવાની હેઠળની ઇંગ્લેન્ડની ટીમ મેચ જીતીને શ્રેણી બરાબર કરવાનો પ્રયાસ કરશે. આ પહેલા મંગળવારે રાજકોટમાં રમાયેલી મેચમાં ઇંગ્લેન્ડે ભારતને 26 રનથી હરાવીને શ્રેણીમાં પોતાની પહેલી જીત નોંધાવી હતી.